# દામનગરમાં આખલાઓ વચ્ચે યુધ્ધ ખેલાયુ



અમરેલી જિલ્લામાં આખલા યુધ્ધથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. રાજયમાં આખલાઓને કારણે કેટલાય લોકો મોતને ભેટયા છે. દામનગર શહેરમાં જાહેર માર્ગો પરથી પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે. જયારે બે કે ત્રણ આખલાઓ ટકરાતા હોય ત્યારે વાહનચાલકો અને રાહદારીઓ ઉભા રહી જતાં હોય છે અથવા તો બીજા રસ્તેથી જતા રહે છે. દામનગર શહેરમાં આખલાઓ અને રખડતા શ્વાન માટે આશ્રય સ્થાન બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### કડકડતી ઠંડી વચ્ચે ભૂકંપનો આંચકો

# ખાંભાનાં ગીરનાં ગામડામાં સાંજે ભૂકંપનાં આંચકાથી ફફડાટ

## ૭:૧૬ મિનિટે ૧.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો

અમરેલી, તા. ૮

આજથી ૨૬ વર્ષ પહેલાં ૨૬ જાન્યુઆરીના રોજ આવેલાં વિનાશક ભૂકંપને આજે પણ લોકો ભૂલી શકયા નથી. ત્યારે શિયાળાની ઋતુને અને ભૂકંપ વચ્ચે કોઈ કનેકશન હોય તેમ ઠંડી વધતાં જ આજે ખાંભા તાલુકાના ગીરના ગામડામાં આજે સાંજે વાળું કરવાનાં સમયે લોકોએ ભૂકંપનો આંચકો અનુભવ્યો હોય લોકો આ ભૂકંપનાં આંચકાથી હલબલી ગયા હતાં.




આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીરના ગ્રામ્ય વિસ્તારના ઈંગોરાળા, નાના વિસાવદર, નાની ધારી, અનીડા સહિતના ગામોમાં આજે સાંજના ૭:૧૬ મિનિટે ૧.૯ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

આ અંગે સિસ્મોલોજી વિભાગ ગાંધીનગર દ્વારા પણ ભૂકંપના આંચકાની પુષ્ટી આપી હતી. આ ભૂકંપ અમરેલીથી ૪૧ કિલોમીટર દૂર હોવાં અંગેની વિગતો ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે આપી હતી.

આ અગાઉ પણ ખાંભા પંથકમાં ગીર કાંઠાના વિસ્તારોમાં અનેક વખત ભૂકંપના આંચકો આવતાં હોય જેને લઈ ગાંધીનગરથી ખાસ ટીમ આ પંથકમાં દોડી આવી હતી. ત્યારે આજે ફરી વખત ભૂકંપનાં આંચકાથી લોકોમાં ભરેવ ગભરાટ ફેલાયો છે.

### ૫૦ હજારના બોન્ડ પર મુક્તિ

# બિટકોઈન કેસ : પૂર્વ MLA નલિન કોટડિયાને હાઈકોર્ટે આપ્યા જામીન

## સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી ૧૭૬ બિટકોઇન ટ્રાન્સફર કરવા અને ૩૨ કરોડની ખંડણી માગવાનો ગુન્હો હતો

સુરત, તા. ૮

સુરતના બહુચર્ચિત બિટકોઈન ખંડણી કેસમાં એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાને ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે. કોર્ટે તેમને ૫૦,૦૦૦ રૂપિયાના પર્સનલ બોન્ડ પર જામીન આપવાનો આદેશ કર્યો છે.

વર્ષ ૨૦૧૮માં સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી તેમની પાસેથી કરોડોની કિંમતના ૧૭૬ બિટકોઈન બળજબરીથી ટ્રાન્સફર કરાવવાનો અને ૩૨ કરોડની ખંડણી માંગવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. આ ગુનામાં પોલીસ અધિકારીઓ સહિત કુલ ૧૪ શખ્સો સામેલ હતા, જેમાં પૂર્વ સ્ન્છ નલિન કોટડિયાનું નામ



પણ મુખ્ય આરોપી તરીકે ખુલ્યું હતું.

અમદાવાદની સ્પેશિયલ ACB કોર્ટે આ કેસમાં પુરાવાઓ અને સાક્ષીઓને આધારે નલિન કોટડિયા સહિત તમામ ૧૪ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે આ તમામ આરોપીઓને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. આ ચુકાદા બાદ નલિન કોટડિયા જેલવાસ ભોગવી રહ્યા હતા. ACB કોર્ટના ચુકાદાને તમામ દોષિતોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને સાથે જ જામીન મેળવવા માટે અરજી કરી હતી. આ મામલે સુનાવણી દરમિયાન અગાઉ હાઈકોર્ટે ઉપરી અધિકારીઓના આદેશ હેઠળ કામ કરનારા ૯ પોલીસ કોન્સ્ટેબલોને જામીન આપ્યા હતા. ત્યારબાદ ૮ જેટલા અન્ય પોલીસ કર્મચારીઓને પણ જામીન મળી ચૂક્યા છે.

હવે, પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાની જામીન અરજી પર સુનાવણી કરતા હાઈકોર્ટે તેમને રાહત આપી છે અને શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. જામીન મળવા છતાં આ કેસની મુખ્ય અપીલ હજુ હાઈકોર્ટમાં પડતર છે, જેના પર આગામી સમયમાં અંતિમ સુનાવણી હાથ ધરવામાં આવશે.

### અમરેલીમાં ડો. કાનાબાર પ્રેરિત અનુકંપા ફાઉન્ડેશનનાં અભિયાન અંતર્ગત

# સમાજ શ્રેષ્ઠીઓ પોતાના વડીલોની સ્મૃતિમાં અન્ય પરિવારોનાં વડીલોને તીર્થયાત્રા કરાવવાનું પૂણ્ય કમાય રહ્યા છે

## તા. ૧૩ જાન્યુઆરીના મંગળવારે સવારે ૯ વાગ્યે રાજયસભાના સાંસદ અને ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયા ૨૫૧ યાત્રિકો સાથેની પાંચ બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે



અમરેલી, તા. ૮

આપણાં શાસ્ત્રોમાં અંકિત પોતાના માતા–પિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવનાર શ્રવણની કથા સૈકાઓથી પરિવારના વડીલો માટે આદરભાવની પ્રેરણા આપતી રહી છે. આધુનિક યુગમાં ખભે કાવડ ઉચકી યાત્રા કરાવવાની જરૂર નથી પરંતુ, સામાન્ય પરિવારના વડીલોને યાત્રા કરાવવા ઉદાર હાથે આર્થિક અનુદાન આપવાનું ''શ્રવણ કાર્ય'' કરનારા સમાજ શ્રેષ્ઠીઓના સહકારથી, અમરેલીના અનુકંપા ફાઉન્ડેશને સીનીયર સીટીઝનોને તીર્થ ધામોની યાત્રા કરાવવાનું અભિયાન શરૂ કરેલ છે. અત્યાર સુધીમાં ૩૫૦ જેટલા વડીલોને આ અભિયાન દ્વારા નિઃશુલ્ક યાત્રા કરવાનો લાભ મળેલ છે.

આગામી તા. ૧૩ જાન્યુઆરીના મંગળવારે આ સંસ્થા દ્વારા બીજી પાંચ બસો દ્વારા ૨૫૦ યાત્રિકો સોમનાથ–દ્વારકાનો ત્રણ દિવસનો પ્રવાસ કરશે. રાજયસભાના સાંસદ અને ડાયમંડ ઈન્ડરસ્ટ્રીઝના અગ્રણી ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયા યાત્રાની પાંચ બસોને ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. યાત્રિકોને પ્રસ્થાન કરાવવાનો આ કાર્યક્રમ ઈફકોના ચેરમેન અને સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણીના પ્રમુખ સ્થાને યોજાશે. તા. ૧૩ જાન્યુઆરીના સવારે લાઠી રોડ પર આવેલ લોહાણા મહાજન વાડીમાં યોજાનાર આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, પી.પી. સોજીત્રા તથા હિરેનભાઈ હીરપરા સવિશેષ ઉપસ્થિત રહેનનાર છે.

આ યાત્રાના આયોજનમાં અનેક શ્રેષ્ઠીઓએ ઉદાર હાથે પોતાનો ફાળો આપ્યો છે. બાબરા નાગરિક બેન્કના ચેરમેન હસુભાઈ પોપટ દ્વારા તેમના સ્વ. પિતા નંદલાલભાઈ વાલજીભાઈ પોપટ તથા સ્વ. માતૃશ્રી લતાબેન નંદલાલભાઈ પોપટના સ્મરણાર્થે રૂા. ૧,૧૧,૦૦૦નું દાન પ્રાપ્ત થયું છે. તે જ રીતે આર્કિટેકટ એન્જીનીયર હિમાંશુભાઈ ધાનાણી તરફથી તેમના સ્વ. પિતા ડો. મનુભાઈ મોહનભાઈ ધાનાણીની પુણ્ય સ્મૃતિમાં રૂા. ૧,૧૧,૦૦૦નું અનુદાન સંસ્થાને પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત બિલ્ડર જીતુભાઈ વીંછીયા દ્વારા તેમના સ્વ. પિતા વાજસુરભાઈ વીંછીયાના સ્મરણાર્થે રૂા. ૫૫,૫૫૫, બિલ્ડર જીતુભાઈ જોગદીયા તરફથી તેમના સ્વ. પિતા નાગજીભાઈ જોગદીયાના સ્મરણાર્થે રૂા. ૫૫,૫૫૫, શહેરના નામાંકિત નીલકંઠ જવેલર્સના કેતનભાઈ તથા પ્રકાશભાઈ તરફથી તેમના સ્વ. પિતા બળવંતરાય રતિલાલ ધોળકીયાના સ્મરણાર્થે રૂા. ૫૫,૫૫૫, શીતલ ઈન્ડસ્ટ્રીઝના દિનેશભાઈ તથા ભુપતભાઈ તરફથી તેમના સ્વ. લઘુબંધુ જગદીશભાઈ દકુભાઈ ભુવાના સ્મરણાર્થે રૂા. ૫૫,૫૫૫, તથા સોનપાલ બ્રધર્સના ભરતભાઈ સોનપાલ તરફથી તેમના સ્વ. પિતા નંદલાલભાઈ નરોતમભાઈ સોનપાલ અને સ્વ. માતૃશ્રી કાંતાબેન નંદલાલભાઈ સોનપાલની સ્મૃતિમાં રૂા. ૫૫,૫૫૫નું અનુદાન સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

આ ઉપરાંત, અંકલેશ્વર સ્થિત ઉદ્યોગપતિ દિનેશભાઈ ખુંટે તથા અમરેલીના પ્રખ્યાત ડો. ચંદ્રેશભાઈ ખુંટે તેમના પિતા ભવાનભાઈ શામજીભાઈ ખુંટ તથા માતૃશ્રી શ્રીમતિ કાશીબેન ભવાનભાઈ ખુંટની પ્રેરણાથી સંસ્થાને રૂા. ૫૫,૫૫૫નું અનુદાન આ યાત્રાના આયોજન માટે આપેલ છે. આ ઉપરાંત પ્રિતેશભાઈ માનસેતા દ્વારા તેમના સ્વ. દાદા ભીખાલાલ જાદવજીભાઈ માનસેતાની સ્મૃતિમાં રૂા. ૧૧,૧૧૧ તથા લોહાણા અગ્રણી વેપારી હરેશભાઈ સાદરાણી દ્વારા રૂા. ૫૧૦૦નો ફાળો સંસ્થાને આ યાત્રાના આયોજન માટે પ્રાપ્ત થયો છે.

અઢીસો જેટલા સીનીયર સીટીઝનો સાથેની ત્રણ દિવસ સુધીની યાત્રા નિર્વિઘ્ને અને હેમખેમ પુરી થાય તે માટેનું આયોજન ખુબ જ ચીવટ અને ખંત માંગી લે તેવું છે. સંસ્થાના સમર્પિત અને નિષ્ઠાવાન કાર્યકરોની ટીમ ભીખુભાઈ અગ્રાવત, મધુભાઈ આજુગીયા તથા એડવોકેટ ચેતનભાઈ રાવળના માર્ગદર્શનમાં ખુબ જ જહેમત ઉઠાવી રહી છે. યાત્રાધામ વિકાસ બોર્ડ સાથે સંકલન અને ડોકયુમેન્ટેશન માટે નયનભાઈ જોષી (બેદી), એડવોકેટ રામજીભાઈ જાદવ તથા પ્રિતેશભાઈ માનસેતા, યાત્રિકોના નિવાસની વ્યવસ્થા માટે કમલેશભાઈ ગરાણીયા, ભાવેશભાઈ સોઢા તથા હિતેષભાઈ પોપટ, યાત્રિકોના ભોજનની વ્યવસ્થા માટે મનીષભાઈ મોરઝરીયા, રાજુભાઈ માંગરોળીયા, બંટીભાઈ અજમેરા તથા પ્રવાસ દરમ્યાન યાત્રિકો સાથે કો–ઓર્ડીનેટર તરીકે કિરણભાઈ નાંઢા, ટોમભાઈ અગ્રાવત, કે.કે. મિશ્રાજી (માસ્તર), તુલસીભાઈ મકવાણા, કિશોરભાઈ આમ્રપાલી, પાર્થભાઈ મિશ્રા, વિપુલભાઈ રાદડીયા, ડી.જી (પેઈન્ટર) વિગેરે જહેમત ઉઠાવી રહયા છે.

આ ઉપરાંત સંસ્થાના શુભેચ્છકો તરીકે પ્રફુલભાઈ બાટવીયા, રાજુભાઈ કામદાર, બિપીનભાઈ ગાંધી, હરેશભાઈ સાદરાણી અને યોગેશભાઈ કોટેચા યાત્રાની આર્થિક વ્યવસ્થામાં સક્રિય ભૂમિકા અદા કરી રહયા છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### દેશનાં ગૌરવસમા સિંહને હડફેટે લેવાનું ભારે પડયું

# રાજુલા–ઉના હાઈ–વે ઉપર માદા સિંહને હડફેટે લેનાર કારચાલકનાં જામીન નામંજુર કરાયા

## આરોપીને જિલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા

અમરેલી, તા. ૮

જાફરાબાદ વન્યજીવ રેન્જના કાર્યક્ષેત્ર હેઠળ ટીંબી રાઉન્ડની હેમાળ ગામે રાજુલા – ઉના નેશનલ હાઈ – વે ઉપર ગત તા. ૪ રાત્રીના ૧૧ કલાક પહેલાના કોઈ પણ સમયે અમદાવાદ ખાતે રહેતાં રવિભાઈ કનુભાઈ ભરવાડે પોતાના હવાલા વાળી મોટર કાર જીજે–૨૭ એપી–૭૭૯૮ વાહન ચાલકે ગતિ અવરોધકબોર્ડ હોવા છતા પુરપાટ ઝડપે વાહન ચલાવી ૩ થી ૫ વર્ષની સિંહ માદાને હડફેટે લઈ ગુન્હો આચરી અને તે આરોપી નાચી છૂટેલ હતો. જે તપાસ કરતાં આરોપીને અમદાવાદ ખાતેથી ઝડપી પાડેલ અને તપાસ હાથ ધરવામાં આવેલ હતી.



આ બનાવમાં આરોપી વિરૂધ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની જોગવાઈ મુજબ હેમાળ બીટમાં ગુન્હો નોંધવામાં આવેલ હતો. આરોપીને જયુડિશનલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ, જાફરાબાદ કોર્ટમાં રજૂ કરવામાં આવતાં આરોપીના કોર્ટે જામીન ના મંજૂર થતા આરોપીને જિલ્લા જેલ હવાલે કરવામાં આવેલ છે.

આ તકે આમ જનતાને અપીલ કરવામા આવે છે કે, જયારે વન્યપ્રાણી રોડ ક્રોસ કરતા હોય કે રોડ પર આવી જાય તે સમયે ગાડી વાહન ધીમે ચવાવવા તેમજ વન્ય પ્રાણીને નુકશાન ન પહોંચે તેની ખાસ સાવચેતી રાખવી. વન્યપ્રાણીઓ માનવ જીવન માટે ખુબ જ મહત્વ ધરાવે છે. વન, પર્યાવરણ તથા વન્યજીવોનું રક્ષણ કરવું દરેક નાગરીકે ફરજ સમજી સંરક્ષણ કરવું તેવી વન વિભાગ તરફથી અપીલ કરવામાં આવે છે.

# અમરેલીનાં સંતોનું સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત પ્રભાસ તીર્થ તરફ પ્રસ્થાન



અમરેલી પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર પર ઈ.સ. ૧૦૨૬મા વિદેશી વિધર્મી આક્રાંતાઓ દ્વારા મંદિર પ્રવંસ કરી લુંટ કરવામાં આવેલ. જેને એક હજાર વર્ષ પુરા થયાં છે ત્યારે હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડી લુંટ ચલાવનારનું બધું લુંટાઈ ગયું અને સોમનાથ મંદિર આજે પણ અડીખમ ઉભું છે. હિન્દુઓની આસ્થા પર પ્રહારની નહીં ભૂલવા જેવી ઘટના અંતર્ગત ''સોમનાથ સ્વાભિમાન પર્વ'' યોજાયેલ હોય, આગામી બે દિવસ દેશનાં યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ સોમનાથ આવી રહ્યાં છે. આ નિમિત્તે સોમનાથ મહાદેવનાં પટાંગણમાં પ્રાંત–પ્રદેશનાં વંદનીય સાધુ–સંતોની વિશાળ શોભાયાત્રા નીકળવાની છે ત્યારે અમરેલી જીલ્લાનાં સંતો પણ આ ઐતિહાસિક રવેડીમાં સામેલ થવા જઈ રહ્યાં છે. આ પરગણાના સાધુ–સંતોની બસને અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ. રાજમહેલ પટાંગણમાં બિરાજમાન નાગદેવતા મંદિર ખાતેથી ''હર હર મહાદેવ'' ''જય સોમનાથ'' નાદ સાથે સંતો રવાના થયાં હતાં. જેમાં સંત મંડળનાં ૧૦૦૮ મહા મંડલેર સિદ્ધરામદાસબાપુ (આનંદ આશ્રમ, કરમદડી), શિવમદાસબાપુ (રિકડિયા), હાર્દિકગીરીબાપુ (અમરેલી), ચોમરગીરી માતા, રામેરગીરી માતાજી (પાડરશિંગા) સહિત બહોળી સંખ્યામાં સાધુ–સંતોએ રવેડીમાં ભાગ લેવા પ્રભાસ તીર્થ તરફ પ્રસ્થાન કર્યુ હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપનાં મેહુલભાઈ ધોરાજીયા, રાજુભાઈ ભુતૈયા, મહેન્દ્રભાઈ ચાવડા, વિ હિન્દુ પરિષદના દિલીપ સિંહ પરમાર, સાધુ સમાજનાં ધર્મેનગીરી ગોસ્વામી, પ્રકાશ ગીરી ગોસાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

### અમરેલી ખાતે યોજાયેલ સાસંદ સંસ્કૃતિ ખેલ સ્પર્ધામાં

# ગજેરા કેમ્પસ વિદ્યાસભા જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એકસીલેન્સ પ્રથમ સ્થાન પર ઝળકી

## ટ્રસ્ટીગણે વિદ્યાર્થીઓને શુભકામનોઓ પાઠવી



અમરેલી, તા. ૮

તારીખ ૪ થી ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંસદ સંસ્કૃતિ સ્પર્ધાનું આયોજન અમરેલી મુકામે થયું હતું જેમાં વિવિધ તાલુકાના બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો, આ સ્પર્ધામાં વિવિધ સંસ્કૃતિ સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભા જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સીલેન્સના વિદ્યાર્થીઓએ સંસ્કૃતિ સંગીતમાં પોતાની પ્રતિભાનો ઉત્તમ પરિચય આપી સિધ્ધીઓ હાંસલ કરી સંસ્થાનું નામ ગૌરવપૂર્વક ઉજાગર કર્યુ છે. જેમા (૧)વાઘ યશ – મરશિયામાં સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ, ૨) અજાણી નૈનશી – હાલરડુંમાં કાંસ્ય પદક મેળવેલ, વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને નિર્ણાયકો અને ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા હતા. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ તેમની તૈયારી, શિસ્તબદ્ધ અભિગમ અને ટીમવર્ક દ્વારા શ્રેષ્ઠતા સાબિત કરી હતી. આ સફળતા પાછળ સંસ્થાના સતત માર્ગદર્શન અને પ્રોત્સાહનનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. પ્રમુખ દ્વારા ભવિષ્યમાં પણ આવી અનેક સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ વધુ સફળતા પ્રાપ્ત કરશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# અમરેલી જિલ્લાનાં સહકારી મંડળી મંત્રી/મેનેજર ગોવા સ્ટેટ સ્ટડી વિઝીટ માટે રવાના




અમરેલી, તા.૮

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી પ્રશિક્ષણ હેતુ ગોવા સ્ટેટ સ્ટડી વિઝિટનુ આયોજન કરવામાં આવેલ છે જેના માટે અમરેલી જિલ્લાના સહકારી મંડળઓના મંત્રી / મેનેજરો ગોવા જવા માટે રવાના થયા હતા આ ગોવાના રાજયના અભ્યાસ અંતર્ગત ગોવા રાજયમાં ચાલતી વિવિધ સહકારી સંસ્થાઓની મુલાકાત કરશે અને ગોવામાં ચાલી રહેલ સહકારી ગતિવિધિઓ વિષે માહિતી મેળવશે. આ ગોવા રાજયના સહકારી અભ્યાસથી અમરેલી જિલ્લાની સહકારી પ્રવૃતિમાં એક નવી ઉર્જા આવશે.

# ચલાલા : હરિબા મહિલા કોલેજનું B.comનું ૧૦૦% પરિણામ







ચલાલા, તા. ૮

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજનું B.Comનું ઝળહળતું પરિણામ આવ્યું.

આજથી ૫ વર્ષ પહેલા સંસ્થાના વડા પ.પુ.સંત ડો.રતિદાદાને કોલેજ નિર્માણ કરવાનો વિચાર આવ્યો કે ચલાલા અને આસપાસના પથંકમાં દીકરીઓને અભ્યાસ માટે બહાર ના જવું પડે તે શુભ વિચારને હરીબેન ભગવાનજી લાલજી તેજુરાના પરિવારના કનુભાઈ તેજુરા અને શ્રીમતી હંસાબેન તેજુરાએ તેમના માતૃશ્રીની યાદમાં કોલેજનું નિર્માણ કરવાનો નિર્ણય લીધો. જોત જોતામાં ભૂમિ પૂજન થયું અને સુંદર કોલેજનું નિર્માણ થયું. જેમાં આજે ચલાલા તેમજ આસપાસના ગામડાઓની દીકરીઓ B.A., B.Com, BCAના અભ્યાસ માટે આવે છે, જેમના માટે બસ સ્ટોપથી કોલેજ લઈ જવા, મૂકવાની વ્યવસ્થા પણ વિનામુલ્યે કરી આપવામાં આવે છે. જેના ભાગ રૂપે આજે અનેક દીકરીઓ B.A, B.Com, BCA અભ્યાસ કરી રહી છે. તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા લેવાય B.Com સેમ–પનું કોલેજ પરિણામ ૧૦૦% સફળતા સાથે ઠુમ્મર કેશવા પ્રથમ, ખુંટ બંસી દ્વિતીય, માંડવીયા પનસ્વી તૃતીય આવી કોલેજ પરિવાર તેમજ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યુ છે. આ પરિણામ હરિબા મહિલા કોલેજની મજબુત શિક્ષણ પરંપરા અને મુલ્યબદ્ધ શિક્ષણ પદ્ધતિનું પરિણામ છે. અહી ગુણવત્તાયુકત, સંસ્કારો સાથે શિક્ષણ આપવામાં આવે છે.

શ્રેષ્ઠ પરિણામો મેળવવામાં ભારતભૂષણ મહેશભાઈ મહેતા, સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા, કોલેજ આચાર્ય, સ્ટાફગણનું માર્ગદર્શન સતત મળતું રહે છે.

# જાળીયા પીએચસી ખાતે કુંટુંબ કલ્યાણ કેમ્પનું આયોજન થયું



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબરા, તા.૮

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.એમ.જોશી તાલુકા આરોગ્ય અધિકારી ડો.આર.કે. જાટના નેતૃત્વ નીચે તથા મેડિકલ ઓફિસર ડો. દિવ્યાબેન ચુડાસમા તથા ડો. હેતલબેન ગળથીયાના માર્ગદર્શન તળે સુપરવાઈઝર કે. એમ. પંચોલી દ્વારા જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર કુટુંબ કલ્યાણના કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં દર્દીને લેબ ટેસ્ટ તથા તપાસ તથા તેડવા મુકવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ. જેમાં સર્જન ડો. આર. કે. જાટ દ્વારા કુટુંબ નિયોજન ઓપરેશન કરવામાં આવેલ જાળીયા મોટા આંકડિયા અમરેલી અર્બનના કુલ ૧૮ કુટુંબ નિયોજન ઓપરેશન કરવામાં આવેલ આ કામગીરીમાં પી. આર. જાલા, જતિનભાઈ, મોન્ટુભાઈ, દિશાબેન રામાનુજ, દીશાબેન દામાણી તથા ચંદ્રિકાબેન તથા બીનાબેન ત્રિવેદી તથા જાનવીબેન અમરેલીયા જાળીયાના, સ્ટાફ આશા બેહનો સુપરવાઈઝર કે.એમ.પંચોલી આભાર માને છે.

### ગિરનાર મહાતીર્થથી શેત્રુંજય મહાતીર્થ છ'રી પાલિત સંઘ દ્વારા

# વંડાની પી.પી.એસ.હાઈસ્કુલનાં વિદ્યાર્થીઓને સ્કુલ કીટનું વિતરણ

## શાળાનાં ૨૨૦ બાળકોને અન્ય ભેટ પણ અપાઈ



વંડા, તા. ૮

ગત તા. ૭ જાન્યુ.ના રોજ ૪૫૧ દીક્ષા દાનેશ્વરી પરમ પૂજય આચાર્ય ભગવંત વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય સૂરીમંત્ર સમારાધક પ.પૂ. આચાર્ય ભગવંત વિજય રવિ રત્નસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા અને નિશ્રામાં આયોજીત ગિરનાર મહાતીર્થથી શેત્રુંજય મહાતીર્થ છ'રી પાલિત પાશ્વમણિ સંઘોત્સવના આયોજક દાતા કમલેશકુમાર લાલચંદજી તેમજ સમગ્ર શિવનાથ મલજી, ટીપુબાઈ લાલચંદજી દંડેશા સુરાણા પરિવાર – મંડવારિયા (રાજસ્થાન) – ચેન્નાઈ દ્વારા સંઘયાત્રા દરમિયાન અનેક ગામોની શાળાઓના બાળકોને હજારોની સંખ્યામાં સ્કૂલબેગ, ખજૂર તેમજ શાલ વિતરણ કરવામાં આવી રહ્યા છે. તે અંતર્ગત પી.પી. એસ. હાઈસ્કૂલ વંડામાં શ્રાવકો પધાર્યા હતા અને શાળાના ૨૨૦ બાળકોને સ્કૂલબેગ,ખજૂર અને તમામ શિક્ષકોને શાલ ભેટ અર્પણ કરી હતી. આ દરમિયાન શાળાના શિક્ષક રોહિતભાઈ ઓઝાએ સહુ બાળકોને આ છ'રી પાલિત સંઘ યાત્રા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે છ'રિ પાલિત સંઘ એટલે જૈન ધર્મમાં ભગવાન ભરત ચક્રવર્તી ધ્વારા અવસર્પિણી કાળમાં શરૂ કરાયેલ તીર્થયાત્રાનો સમૂહ, ખાસ કરીને પાલિતાણાના શેત્રુંજય પર્વત પર કરવામાં આવતી 'છ' (છ–છઠ) ઉપવાસ અને છ–છ દિવસના જાપ–તપ સાથેની યાત્રા, જે આદિનાથ ભગવાનની ભક્તિ અને વૈરાગ્ય સાથે જોડાયેલી છે, વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ યાત્રા તપ અને ત્યાગનું પ્રતીક છે, જેમાં શરીર પરના મોહનો ત્યાગ કરીને આત્માની શુધ્ધિ પર ભાર મૂકવામાં આવે છે. અવસર્પિણી કાળમાં ભરત ચક્રવર્તીએ આ સંઘની શરૂઆત કરી હતી. મુખ્યત્વે શેત્રુંજય પર્વત (પાલિતાણા) પર આ યાત્રા થાય છે. વૈરાગ્યનું પ્રતીકઃ ભરત ચક્રવર્તીના વૈરાગ્ય અને અનિત્ય ભાવનાને કારણે શરીરના દાગીના ઉતારીને આ યાત્રા કરવાની પ્રેરણા મળે છે, જે આત્મશુધ્ધિનો માર્ગ છે. શાળાના શિક્ષક પ્રવીણભાઈએ છ'રિ પાલીત સંઘ તેમજ તેમના નિયમો વિષે માહિતી આપતા કહ્યું કે આ સંઘ માત્ર યાત્રા નથી, પરંતુ આત્મિક શુધ્ધિ અને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ છે, જે તપ, ત્યાગ અને ભક્તિ સાથે જોડાયેલો છે. છ'રિ (છરી) જૈન ધર્મમાં પાલન કરવામાં આવતા છ નિયમો (પદો)ના સમૂહને સૂચવે છે, જેમાં 'એકલ આહારી', 'પાદવિહારી', 'સચિત્ત પરિહારી', 'બ્રહ્મચારી', 'ભૂમિસંથારી', અને 'આવશ્યક ક્રિયાકારી'નો સમાવેશ થાય છે, જે તીર્થયાત્રા (ખાસ કરીને શેત્રુંજય) દરમિયાન પાળવામાં આવે છે અને તેના પાલનથી આત્મશુધ્ધિ અને સમકિત (જૈન ધર્મમાં સવ)ની પ્રાપ્તિ થાય છે. છ'રિ પાલિતના છ નિયમો પદો વિષે માહીતી આપતા જણાવ્યું કે એકલ આહારીઃ એકલા ભોજન ગ્રહણ કરવું –સાથે કોઈ ન હોય., પાદવિહારીઃ પગપાળા યાત્રા કરવી –ચાલતા જવું. સચિત્ત પરિહારીઃ સજીવ વસ્તુઓ –જેમ કે કાચા ફળ, શાકભાજી, પાણીનો ત્યાગ કરવો. બ્રહ્મચારીઃ બ્રહ્મચર્યનું પાલન કરવું –કામવાસનાનો ત્યાગ.ભૂમિસંથારીઃ જમીન પર સૂવું –આસન કે પલંગનો ત્યાગ. આવશ્યક ક્રિયાકારીઃ દૈનિક આવશ્યક ક્રિયાઓ –પ્રતિક્રમણ, સ્તવન, વંદન, પ્રાયશ્ચિત, કાયોત્સર્ગ, પ્રણિધાનનું પાલન કરવું. આ છ નિયમોનું પાલન કરનાર સંઘને છ'રિ પાલિત સંઘ કહેવાય છે. આ નિયમોનું પાલન તીર્થયાત્રીઓને શુભ પરિણામ આપે છે અને તેમની આંતરિક શુધ્ધિ કરે છે, જે તીર્થયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય છે.આદિનાથ ભગવાને પ્રથમ છ'રિ પાલિત યાત્રા સંઘ ભરત ચક્રવર્તીને બતાવી હતી, અને ત્યારથી આ પરંપરા ચાલી આવે છે. બાળકોને સંઘ યાત્રા વિશે સુંદર માહિતી આપી હતી. જય જિનેન્દ્રના નારા સાથે શાળા પરિવારના તમામ બાળકો અને સ્ટાફે ભગવાન આદિનાથને વંદન કરી પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી. શાળાના મે.ટ્રસ્ટી મનજીબાપા તળાવિયાએ સહુ શિક્ષકભાઈ બહેનોએ દાતાઓનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### સોમનાથ મહાદેવ મહાપર્વની ઉજવણીનાં ભાગરૂપે

# બાબરાના ગરણેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં શિવભકિતનો સાગર છલકાયો

## જિલ્લા પંચાયત સદસ્ય દ્વારા ધ્વજારોહણ અને ૨ લાખની ગ્રાન્ટની ભેટ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૮

સોમનાથ મહાદેવ મહાપર્વની ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીના આદેશાનુસાર બાબરા તાલુકાના ગરણી મુકામે બિરાજતા સ્વયંભૂ ગરણેશ્વર મહાદેવના પવિત્ર ધામમાં ભવ્યાતિભવ્ય જલાભિષેક અને પૂજાવિધિનો કાર્યક્રમ યોજાયો હતો. આ પાવન પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય અને મહાદેવના પરમ ભક્ત પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા મંદિરના શિખર પર ભક્તિભાવ સાથે પ્રવજાજી ચડાવવામાં આવ્યા હતા. મંદિરના મહંત પૂજય કૈલાસગીરીબાપુના હસ્તે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે જલાભિષેક કરી જગતના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આ ધાર્મિક ઉત્સવને યાદગાર બનાવતા જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી, જેમાં તેઓએ મંદિરના ભોજનાલય સામેના મેદાનમાં પેવર બ્લોકના કામ અર્થે પોતાની ગ્રાન્ટમાંથી રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખ) ફાળવવાની જાહેરાત કરી હતી. આ તકે ગરણીના સરપંચ દામજીભાઈ લીંબાસીયા, પાનસડાના સરપંચ છગનભાઈવઘાસિયા, ભાજપ અગ્રણી નારણભાઈ સગર, દિલીપભાઈ કલકાણી, જેસાભાઈ ડાંગર, પ્રકાશભાઈ ભરવાડ અને હિતેશજી ઠાકોર સહિતના આગેવાનો તથા મોટી સંખ્યામાં ભકતોએ ઉપસ્થિત રહી દાદાના દર્શન – પૂજાનો લ્હાવો લીધો હતો.

# બગસરામાં સમસ્ત સાધુ સમાજનો વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૮

બગસરામાં સમસ્ત સાધુ સમાજનો વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો હતો મળતી વિગત મુજબ બગસરામાં દર વર્ષની માફક આ વર્ષે પણ સમસ્ત સાધુ સમાજના વિદ્યાર્થી સન્માન સમારંભ ધોરણ એલ કેજીથી કોલેજ સુધીના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આ એ સમારંભમાં આયોજક ડોક્ટર ધીરેન્દ્રભાઈ ગોંડલીયા સહ આયોજક ચીમન બાપુ કાપડી પ્રમુખ બલરામભાઈ કુબાવત, મંત્રી વિપુલભાઈ દાણીધારિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ સમસ્ત સાધુ સમાજ ના દીકરા દીકરીઓ શિક્ષણમાં વધુ આગળ વધે તે માટે તમામ જ્ઞાતિજનોને માહિતગાર કર્યા હતા આ એ કાર્યક્રમમાં બહોળી સંખ્યા જ્ઞાતિજનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### ઉજા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં વરદ હસ્તે

# વડિયાથી બાંટવા દેવળી તરફ જતા માર્ગનું નવિનીકરણ શરૂ કરાયું

## ભાજપનાં સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં



વડીયા, તા.૮

અમરેલી જીલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાથી રાજકોટ તરફ જુતો વડિયા બાટવાદેવળી રોડ વર્ષો થી બિસ્માર હતો. સ્થાનિક લોકોની અનેક રજુવાતો અને નેતાઓના વચનો બાદ વર્ષો પછી આ રોડ નવો બનાવવાની કામગીરીનો મંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. જોકે આ રસ્તા બાબતે સ્થાનિક તુષારભાઈ ગણાત્રા શૈલેષભાઈ ઠુંમર વિપુલભાઈ રાંક અને આગેવાનો દ્વારા થોડા દિવસો પહેલા ગુજરાત સરકારના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને રૂબરૂમાં મળીને રજૂઆત કરવામાં આવી હતી ત્યારે હાલ આ અતિ બિસ્માર રસ્તાની કામગીરી અંદાજે દોઢ કરોડ આસપાસના ખર્ચે બનવાની શરૂ કરવામાં આવી છે. ત્યારે સ્થાનિક આગેવાનોએ અને મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ પેંડા વેચી રોડની કામગીરીના પ્રારંભની ખુશી વ્યક્ત કરી હતી. આ તકે તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુમ્મરના જણાવ્યા અનુસાર આ રોડની કામગીરીમાં ભ્રષ્ટાચારના થાય એ માટે સ્થાનિક આગેવાનો સતત દેખરેખ રાખશે અને આ રસ્તાની કામગીરી શરૂ થતા રાજકોટ તરફ જતા વાહન ચાલકો અને રાહદરિયોને પડતી મુશ્કેલી હવે ઓછી થશે. આ કાર્યક્રમમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ શૈલેષ ઠુંમ્મર, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય તુષારભાઈ ગણાત્રા સરપંચ મનીષભાઈ ઢોલરીયા, ચેતનભાઈ દાફડા, ગજેન્દ્ર પટોળીયા, ઐનિરૂદ્ધભાઈ બોરીચા સહીત સ્થાનિક આગેવાનો એ હાજરી આપી હતી.

# અમરેલી : એ.આર.ટી.ઓ. દ્વારા ડ્રાઈવરોની આરોગ્ય તપાસણી

અમરેલી, તા. ૮

કેન્દ્ર સરકાર દ્વારા માર્ગ અકસ્માતોના ઘટાડા અને માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુસર દર વર્ષે જાન્યુઆરીમાં ઉજવાતા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત અમરેલી જિલ્લામાં એ.આર.ટી.ઓ. કચેરી, અમરેલી દ્વારા વિવિધ જનહિતકારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

રોડ સેફટી કમિશનર, ગુજરાત તેમજ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તા. ૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમ્યાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત તા. ૬/૧/૨૦૨૬, મંગળવારના રોજ અમરેલી શહેર તેમજ આસપાસના મુખ્ય માર્ગો પર વાહનચાલકો માટે હેલ્થ ચેક–અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આરોગ્ય ચકાસણી સાથે સાથે ડ્રાઈવરોને રોડ સેફટી અંગે માર્ગદર્શન, ટ્રાફિક નિયમોની સમજણ તેમજ સાવચેતીપૂર્વક વાહન ચલાવવાના સંદેશા આપવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ ટ્રાફિક શાખા તેમજ સિવિલ સર્જનના સહયોગથી ડ્રાઈવરો માટે આંખ, કાન, બ્લડપ્રેશર તથા અન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમ સહાયક વાહન વ્યવહાર અધિકારી, અમરેલી એ એક યાદીમાં જણાવ્યું છે.

### નિવાસી અધિક કલેક્ટર દિલીપસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## માર્ગ સલામતીને લગતી કામગીરી નિયમિત રીતે હાથ ધરવા સૂચના

અમરેલી, તા. ૮

અમરેલી નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત થાય તે માટે જરૂરી કાયદાઓનો અમલ સતત અને નિયમિત રીતે કરવા માટે નિવાસી અધિક કલેક્ટરએ સૂચનાઓ આપી હતી.

જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફલેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફટી લગત જનજાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે મેડિકલ કેમ્પ યોજાશે. વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહીં વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે. માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં સંબંધિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતમાં ચકચાર મચી જાય તેવી ઘટના

# રાજપીપળાના બંધ મકાનમાંથી મળ્યા ૪૦ વાઘના ચામડા અને ૧૩૩ નખ

## મંદિરના ટ્રસ્ટી દ્વારા શંકાસ્પદ વસ્તુઓ મળી આવતાં તરત જ વનવિભાગને જાણ કરવામાં આવી હતી

નર્મદા, તા.૮

રાજપીપલા શહેર નજીક આવેલ ધરમેશ્વર મહાદેવ મંદિરના જૂના મકાનમાંથી મોટી માત્રામાં જાનવરના નખ અને ચામડા મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી રાજપીપલા શહેર નજીક આવેલ ધરમેશ્વર મહાદેવ મંદિરના જૂના મકાનમાંથી મોટી માત્રામાં જાનવરના નખ અને ચામડા મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગુજરાત રાજ્યમાં પ્રથમવાર ૪૦થી વધુ વાઘના ચામડા અને નખ મળ્યાનો આ પ્રથમ કિસ્સો હોવાનું સામે આવ્યું છે. મંદિરના ટ્રસ્ટી દ્વારા શંકાસ્પદ વસ્તુઓ મળી આવતાં તરત જ વનવિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં રાજપીપલા રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર જીગ્નેશ સોની અને તેમની ટીમે મંદિર ખાતે પહોંચીને તપાસ હાથ ધરી હતી. વનવિભાગની તપાસ દરમિયાન કુલ ૩૭ આખા વાઘના ચામડા, ૪ ચામડાના ટુકડા તથા અંદાજે ૧૩૩ વાઘના નખ મળી આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ તમામ વસ્તુઓ મંદિરના તે રૂમમાંથી મળી આવી છે, ત્યાં મંદિરના મહારાજ રહેતા હતા. વનવિભાગને આ મામલો ગંભીર અને શંકાસ્પદ લાગતાં મળેલા નખ અને ચામડાંને એફ.એસ.એલ. (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. સાથે જ વન અધિનિયમ હેઠળ તસ્કરીનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.રેન્જ ફોરેસ્ટ ઓફિસર જીગ્નેશ સોનીએ જણાવ્યું હતું કે, આ ચામડાં અંદાજે ૩૫ વર્ષથી વધુ સમયથી આ સ્થળે હોવાની શક્યતા છે. નોંધનીય છે કે મંદિર ખાતે રહેતા મહારાજનું તા. ૭-૭-૨૦૨૫ના રોજ નિધન થયું હતું. હાલ વનવિભાગ દ્વારા નિધન પામેલા મહારાજ સાથે કોણ-કોણ સંપર્કમાં હતા તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે અને આ તપાસમાં મોટા માથા નિકળે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.મંદિરના ટ્રસ્ટી પ્રકાશ વ્યાસના જણાવ્યા અનુસાર, નિધન પામેલા મહારાજ મૂળ મધ્યપ્રદેશના હોવાનું પણ તપાસ દરમિયાન જાણવા મળ્યું છે. મંદિરના જૂના મકાનમાં શંકાસ્પદ ચામડા અને નખ જોવા મળતાં અમે તરત જ વનવિભાગને જાણ કરી હતી. તપાસ બાદ આટલી મોટી સંખ્યામાં વાઘના ચામડા અને નખ મળી આવ્યા છે. જે અત્યંત ચોંકાવનારો મુદ્દો છે.

તપાસ દરમિયાન ૩૭ આખા વાઘના ચામડા, ૪ ટુકડા અને ૧૩૩ જેટલા વાઘના નખ મળ્યા છે. આ સામગ્રી એફ.એસ.એલ.માં મોકલવામાં આવી છે અને વન અધિનિયમ હેઠળ ગુનો નોંધીને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ ચાલુ છે.

# અમરેલી : મોંઘીબા મહિલા કાલેજના એન.એસ.એસ. યુનિટનો વાર્ષિક કેમ્પ મોટા ગોખરવાળા મુકામે સંપન્ન



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કાલેજ, અમરેલીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તારીખ ૨૩/૧૨/૨૦૨૫થી ૨૯/૧૨/૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લાના મોટા ગોખરવાળા ગામે સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સેવા, શિસ્ત, સામાજિક જવાબદારી તથા ગ્રામ્ય જીવનની સમજ વિકસાવવાનો હતો.શિબિરનું ઉદઘાટન કાલેજના પ્રિન્સિપાલ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક, સરપંચ, ગામના આગેવાનો, કાલેજના સ્ટાફ મેમ્બર્સ અને પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના સમગ્ર સ્ટાફ મેમ્બર્સની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ડો. એમ. જે. પટોળિયા દ્વારા એન.એસ.એસ.ના ઉદ્દેશ્યો સમજાવીને સ્વયંસેવિકાઓને સેવા કાર્યમાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે પ્રેરણા આપી. ગામના સરપંચ અને આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ મહત્ત્વ મળ્યું.શિબિર દરમિયાન વિવિધ રચનાત્મક અને જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ગ્રામ સફાઈ અભિયાન, રસ્તા અને જાહેર સ્થળોની સફાઈ, આરોગ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ, સાઈબર સુરક્ષા સંદેશ, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશકિતકરણ, ભીંત સૂત્રો, વૃક્ષોને ગેરૂ, યોગ, નેત્ર ચિકિત્સા કેમ્પ તથા સામાજિક સમરસતા વિષયક પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. ઉપરાંત, શાળાના બાળકો માટે માર્ગદર્શન સત્રો અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા.દરરોજ પ્રભાત ફેરી દ્વારા જાગૃતિ સંદેશો આપવામાં આવ્યો તથા સાંજના સમયે બૌદ્ધિક વ્યાખ્યાનો અને ચર્ચાસત્રો યોજાયા. એક દિવસ રાત્રી દરમિયાન ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ અને એન.એસ.એસ. વિભાગના સંયુકત ઉપક્રમે લોકસંગીતના કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું. આ શિબિરના પરિણામે સ્વયંસેવિકાઓમાં ટીમવર્ક, નેતૃત્વ ક્ષમતા, આત્મવિાસ તથા સમાજસેવાની ભાવના વિકસેલી જોવા મળી. ગામના લોકોએ પણ એન.એસ.એસ. સ્વયંસેવિકાઓના કાર્યની પ્રશંસા કરી.અંતે સમાપન સમારંભમાં અમરેલી જિલ્લાના વિદ્યાસભાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, નિયામક ગિરીશભાઈ ભીમાણી, કાલેજના પ્રિન્સિપાલ ડો. જી. વી. વેલિયત, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક, કાલેજના સ્ટાફ મેમ્બર્સ, સરપંચ કુંદનબહેન કથીરીયા, પ્રાથમિક શાળા અને માધ્યમિકનો સમગ્ર સ્ટાફ, ગ્રામજનો વિદ્યાર્થીઓ અને શિબિરથી બહેનો વગેરેની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ રીતે મોટા ગોખરવાળા ગામે યોજાયેલી સાત દિવસીય વાર્ષિક શિબિર ૨૯/૧૨/૨૦૨૫ના રોજ સફળતાપૂર્વક સંપન્ન થઈ.

### જિલ્લામાં રવિ સીઝનમાં રેકોર્ડબ્રેક વાવેતર–કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધી

# અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષ રવિ સીઝનમાં અંદાજિત ૨,૪૫,૦૭૭ હેકટર વિસ્તારમાં વાવેતર

## ગત વર્ષોની સરખામણીએ ચાલુ વર્ષે ૧૩૩ ટકાથી વધુ વાવેતર

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં રવિ સીઝન ૨૦૨૫–૨૬ દરમિયાન થયેલ વાવેતરની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જેમાં છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ અંદાજિત કુલ વાવેતર વિસ્તાર ૧,૮૪,૧૦૮ હેકટરની સરખામણીએ ચાલુ વર્ષ રવિ સીઝનમાં અંદાજિત ૨,૪૫,૦૭૭ હેકટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. જે અમરેલી જિલ્લામાં રવિ સીઝન માટે અત્યાર સુધીનું સૌથી વધુ વાવેતર હોવાનું નોંધપાત્ર રીતે સામે આવ્યું છે.આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી જણાવે છે કે, ગત વર્ષોની સરખામણીએ ચાલુ વર્ષે રવિ સીઝનમાં ૧૩૩ ટકાથી વધુ વાવેતર નોંધાયું છે, જે અમરેલી જિલ્લા માટે કૃષિ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે. સમગ્ર રાજયની સરખામણીએ અમરેલી જિલ્લામાં રવિ સીઝનમાં વાવેતરના મામલે ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો છે. તેમજ ચણા અને ડુંગળી પાકના વાવેતરમાં સમગ્ર રાજયમાં પ્રથમ ક્રમે નોંધપાત્ર વધારો નોંધાયો છે. જિલ્લામાં રવિ સીઝનમાં મુખ્ય પાકોના અંદાજિત વાવેતર વિસ્તાર મુજબ ચણા પાકનું ૧,૧૧,૩૩૩ હેકટર, ઘઉં પાકનું ૬૪,૯૫૯ હેકટર,ડુંગળી–લસણ પાકનું ૨૨,૦૮૧ હેકટર, ધાણા પાકનું ૧૫,૨૫૨ હેકટર તથા જીરૂ પાકનું ૬,૯૦૭ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલ છે.

રવિ સીઝન ૨૦૨૫–૨૬ દરમિયાન તાલુકા પ્રમાણે કુલ વાવેતર વિસ્તારની વિગતો મુજબ સાવરકુંડલા તાલુકામાં અંદાજિત ૪૦,૫૪૧ હેકટર, બાબરા તાલુકામાં ૩૮,૨૫૬ હેકટર, ધારી તાલુકામાં ૨૯,૩૬૪ હેકટર, અમરેલી તાલુકામાં ૨૭,૮૫૮ હેકટર, કુંકાવાવ–વડિયા તાલુકામાં ૨૫,૮૩૪ હેકટર, ખાંભા તાલુકામાં ૨૦,૮૬૧ હેકટર, રાજુલા તાલુકામાં ૧૮,૪૧૮ હેકટર, બગસરા તાલુકામાં ૧૭,૯૪૬ હેકટર, લાઠી તાલુકામાં ૧૭,૦૪૨ હેકટર, જાફરાબાદ તાલુકામાં ૬,૦૦૫ હેકટર તથા લીલીયા તાલુકામાં ૨,૯૫૨ હેકટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર નોંધાયું છે.આ રેકોર્ડબ્રેક વધારાના મુખ્ય કારણોમાં પાછલા સમયમાં થયેલ ભારે કમોસમી વરસાદથી થયેલ પાણીનો સંગ્રહ, ધરતીપુત્રોની અથાગ મહેનત તેમજ સરકાર દ્વારા આપવામાં આવેલ કૃષિ માર્ગદર્શન અને વિવિધ યોજનાઓનો મહત્વપૂર્ણ ફાળો રહેલ છે. હાલ ફીલ્ડ સ્તરેથી પ્રાપ્ત થયેલ અહેવાલો મુજબ તમામ પાકોની સ્થિતિ ખુબ સારી જણાઈ રહી છે, જેના કારણે ખેડૂતોને ધાર્યા મુજબનું ઉત્પાદન મળવાની શકયતાઓ ઉજળી બની છે.

# સાવરકુંડલા પાલિકા દ્વારા પાણીની લાઇનના નવા વાલ્વ મૂકી યોગ્ય જગ્યાએ સ્થળાંતર



સાવરકુંડલા, તા. ૮

હાલ સાવરકુંડલા નગરપાલિકા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ શહેરને સુવર્ણકુંડલામાં પરિવર્તિત કરવાના સોણલાં સાથે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા નગરપાલિકા બોડી ચીફ ઓફિસર સમેત સમગ્ર કર્મચારીગણ દ્વારા શહેરની સમસ્યાઓના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહે છે. સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ વોર્ડ નંબર પાંચ ખાતે આવેલ નાગનાથ સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી અમુક વિસ્તારમાં પાણીની લાઈનના વાલ્વ જૂના પુરાણા થઈ જતાં આ વાલ્વ જીઈબી વિભાગ દ્વારા એક અડચણરૂપ વીજ પોલ દૂર ખસેડતાં જાહેર રસ્તાના વચ્ચે આવી જતાં હોય તેને યોગ્ય સ્થાને સ્થળાંતરિત કરવામાં આવેલ. આ કામગીરી દરમિયાન આ વિસ્તારના વાલ્વમેન રામભાઈ સતત હાજર રહી આ કામગીરીમાં સહયોગ આપતાં જોવા મળેલ. તો આ કામગીરી ચાલતી હતી ત્યારે આ વિસ્તારના રહીશો પણ ઉપસ્થિત રહ્યા હતા. અને વાલ્વને નડતરરૂપ ન બને તેવી યોગ્ય જગ્યાએ સ્થળાંતર કરતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો અને આ બદલ આ વિસ્તારના લોકો દ્વારા નગરપાલિકા તંત્રનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

### મેલડી ધામ મંદિરમાં

# સાવરકુંડલા ખાતે અભિનેતા રાજયપાલ યાદવે માતાજીનાં દર્શન કર્યા

## ચિતની પ્રસન્નતા પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી





સાવરકુંડલા, તા. ૮

તારીખ છઠી જાન્યુઆરી, ૨૦૨૬ એટલે કે ગત રવિવારે ગુજરાતના અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે આવેલા પ્રસિદ્ધ 'શ્રી મેલડી ધામ મંદિરમાં ભવ્ય, દિવ્ય અને સંપૂર્ણ આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે બોલિવુડના પ્રખ્યાત હાસ્ય અભિનેતા રાજપાલ યાદવજીએ માતા શ્રી મેલડીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી આ તકે તેમણે પૂજય શ્રી ઘનશ્યામબાપુના આશીર્વાદ પ્રાપ્ત કરીને પોતાને ખુશનસીબ સમજી પ્રસન્નતા અર્ચિત કરી હતી. આ દરમિયાન મંદિરમાં' જયદીપભાઈ સોની એન્ડ ગ્રુપના કલાકારો દ્વારા ભવ્ય સંતવાણી અને ભજન–કીર્તનનો ભવ્ય કાર્યક્રમ પણ યોજાયો હતો, જેના દ્વારા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શ્રી રાજપાલ યાદવજીએ આ સંતવાણીનો લાભ લીધો અને માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવી. તેઓએ પોતાની શ્રદ્ધા ભકિત અને આસ્થાનો દીપ પ્રગટાવીને કહ્યું કે, મેલડી માતાજીના આ ધામમાં આવીને મનને અપાર શાંતિ પ્રાપ્ત થઈ છે. હવે વાત કરીએ શ્રી મેલડી ધામ મંદિર સાવરકુંડલા ખાતે આવેલ હાથસણી રોડ પર આવેલ લુહાર સોસાયટીમાં સ્થિત છે. વળી આ મંદિર ઘણું પ્રાચીન અને ચમત્કારિક શક્તિપીઠ તરીકે જાણીતું છે, જયાં દર વર્ષે વિશાળ સંખ્યામાં ભક્તો દર્શનાર્થે પધારે છે અને માના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અને આવા પાવન દિવસે બોલિવુડ સ્ટારની પ્રેરક ઉપસ્થિતિએ ભક્તોમાં અનન્ય ઉત્સાહનો સંચાર કર્યો હતો.

આ તકે યોજાયેલ ભજન સંતવાણી કાર્યક્રમ પણ યોજાશે હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી મેલડી ધામ મંદિર પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી અને આ કાર્યક્રમ દરમિયાન સહયોગ આપનાર શહેરના નાગરિકો, મામલતદાર, પોલીસ સ્ટાફ અને જીઈબી સ્ટાફનો શ્રી મેલડી ધામ મંદિર પરિવારે હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.

અગાઉ પણ આ મંદિરે હિન્દી બોલીવુડની ખૂબ જ ખ્યાતનામ હસ્તી મુકેશ ખન્ના ઉર્ફે શકિતમાને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ૯ જાન્યુઆરી, ''પ્રવાસી ભારતીય દિવસ''




અમરેલી, તા. ૮

ભારતમાં દર વર્ષે નવમી જાન્યુઆરીનાં દિવસે ''પ્રવાસી ભારતીય દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વર્ષ ૧૯૧૫માં ભારતનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીજીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને ''પ્રવાસી ભારતીય દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળનાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસ એ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોનાં ભારત પ્રત્યેનાં વિચાર, ભાવનાની અભિવ્યકિત, દેશવાસિઓ સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદેશ્ય વિનાં તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિઓની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીયોને આકર્ષિત કરવા અને રોકાણ કરવાની તકોવધારવાનો છે. આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબુત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ન કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદરૂપ થાય છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પુંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

– મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### મોટા મહિકામાં વિજ્ઞાન જાથાનો ૧૦,૦૭૧મો કાર્યક્રમ સંપન્ન

# ગ્રહો, ગ્રહણ, પિતૃ–સુરાપુરા માનવીને નડતા નથી : વિજ્ઞાન જાથા

## ચમત્કારિક પ્રયોગો સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવ્યા





અમરેલી, તા. ૮

અમદાવાદ : રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા મહિકા ગામમાં આર.આર. મહિલા આર્ટસ એન્ડ કોમસ કોલેજની છાત્રાઓના એન.એસ.એસ. કેમ્પમાં ગ્રામજનોમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ગ્રહો, ગ્રહણો, પિતૃ–સુરાપુરા કદીપણ માનવજાતને નડતા નથી તેની સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. નિવારણ વિધિઓના કર્મકાંડ–ક્રિયાકાંડો નર્યુ તુત છે તે સંબંધી વાત કરવામાં આવી હતી. જાથાનો ૧૦૦૭૧ મો કાયક્રમને જબરી સફળતા મળી હતી. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશને બંદોબસ્ત ફાળવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટનમાં ગામના સરપંચ રમેશભાઈ વિરડીયા, પ્રોગ્રામ ઓફિસર ડૉ. પી. એમ. સખીયા, પ્રિન્સીપાલ એમ. એલ. બાલધા, સતીષભાઈ વસોયા, સાગરભાઈ વિરડીયા, પી.એસ.આઈ. સોલંકીની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

ગામના આગેવાન રમેશભાઈ વિરડીયાએ અંધશ્રદ્ધા સામે જાગૃત કરવાનો વિજ્ઞાન જાથાના આયોજનથી ખુશી વ્યકત કરી હતી. જાથાના જયંત પંડયાની ગામમાં હાજરીથી ગ્રામજનો ખુશખુશાલ નજરે પડયા હતા. જાથાએ અનેક પડકારોનો સામનો કરી સમાજ માટે કામ કરે છે તેને સૌ કોઈએ બિરદાવું જોઈએ.

પ્રોગ્રામ ઓફિસર ડૉ. પી. એમ. સખીયાએ ગામમાં અનેકવિધ કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી હતી. જાથાના કાર્યક્રમની ગ્રામજનોએ માંગણી કરી હતી. અંધશ્રદ્ધાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. છાત્રાઓની મહેનત રંગ લાવે છે.કોલેજના પ્રિન્સીપાલ એમ. એલ. બાલધાએ વિજ્ઞાન અભિગમ–દ્રષ્ટિકોણથી દેશની પ્રગતિ થાય છે. આજે પણ પશુબલી, ડાકણ–ચુડેલ, ડામ આપવાની પ્રથાના બનાવોથી દુઃખ આઘાત થાય છે. અંધશ્રદ્ધા નાબુદી માટે લોકજાગૃતિ કાર્યક્રમો ઉપયોગી નિવડે છે. જાથાને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે જે જે દેશોએ વિજ્ઞાન ટેકનોલોજી તેના કાર્યક્રમોને અગ્રતા આપી છે તેઓએ હરણફાળ પ્રગતિ કરી છે. માનવીએ પ્રત્યેક પળે તર્કને પ્રાધાન્ય આપવું જોઈએ. વિજ્ઞાન દ્રષ્ટિકોણ સર્વગ્રાહી લાભદાયી છે. માનવીના ઉત્થાનમાં વિજ્ઞાનનો પાયો જ કામ આવે છે. વિજ્ઞાન વિના માનવી પાંગળો બની જાય છે. પ્રત્યેક ક્ષણે વિજ્ઞાનનો ઉપયોગ કરવો પડે છે. ધર્મ–આધ્યાત્મિક, ઈતિહાસ, શ્રધ્ધા–સંસ્કૃતિના ગાવણા વાગોળવાથી દેશની પ્રગતિ થવાની નથી. પુરૂષાર્થ, વાસ્તવવાદ, રાષ્ટ્રવાદ, માનવ ધર્મને અનુસરવું જોઈએ. વિજ્ઞાનને કોઈપણ દેશના સીમાડા નડતા નથી. વૈજ્ઞાનિકો સતત માનવ કલ્યાણ માટે સંશોધનો કરે છે. પોતાના દેશનું બંધારણ સર્વોપરી હોવું જોઈએ. કાયદાને હંમેશા માન આપવું જોઈએ. જ્ઞાતિ–જાતિ–કોમવાદ રાષ્ટ્ર માટે ખતરાની આલબેલ છે. માણસની ઓળખ હોવી જોઈએ. અંધશ્રદ્ધાથી માનવીને બરબાદી મળી છે હવે જાગવાની જરૂર છે. ભારતની પ્રગતિ માટે પ્રત્યેક નાગરિકે કામ કરવું પડશે. રાજકીય પક્ષો પોતાના સ્વાર્થ માટે આંતરિક ઝઘડાઓ, વિભાજન નીતિથી લોકોએ સાવધાન રહેવું પડશે. વિશ્વમાં ધર્મથી કોઈપણ દેશની પ્રગતિ થઈ હોય તેવો દાખલો નથી.

વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે ગ્રહો–ગ્રહણો, પિતૃ–સુરાપુરા, આસુરી શકિતઓ, દિવ્ય શકિત, ભૂત, પ્રેત, ડાકણ, મામો, ખવીશ માનવીને નડતા નથી જરા પણ નુકશાનકર્તા નથી. તેનો ભય–ડાર કાઢી નાખવા અપીલ કરી હતી. નિવારણની તમામ વિધિ–વિધાન નર્યું તૂત છે તેવું જાહેર કર્યું હતું. નિવારણના હોમ–હવન, મંત્ર–જાપ, ક્રિયાકાંડો સમયની બરબાદી સિવાય કશું જ નથી. માનવીને હતાશા તરફ દોરી જાય છે તેમાંથી અંધશ્રદ્ધાના નરકમાં ધકેલાય છે. ખોટું અનુકરણ કરવાથી માનસિક ઈજા–બિમારીમાં ધકેલાય છે. લેભાગુઓ પોતાના લાભ માટે ખોટા ઉપદેશો ગતકડા, ફાયદા–ગેરફાયદા દર્શાવી શારીરિક, માનસિક, આર્થિક છેતરપિંડી કરે છે તેનાથી સાવધાન રહેવા દાખલા આપ્યા હતા. ધાર્મિક નેતાઓ, ચમત્કારિકો, તાંત્રિકોથી માનવીને લાભ કરતાં નુકશાન વધુ થયું છે. ૨૧મી સદીમાં જાગવાની જરૂર છે. નવાંગતુક વિચારોને અમલમાં મુકવા જોઈએ. પ્રત્યેક ધર્મ, સંપ્રદાય પોતાના લાભની વાત મુકી શ્રદ્ધાળુઓનું શોષણ કરે છે. કલ્યાણકારી વાત સ્વીકારવી જોઈએ. જાથા દેશ આખામાં લોકોને જોડવા માટે સતત પ્રયત્ન કરે છે. અંધશ્રદ્ધા નાબુદીનું બિડુ હાથમાં લીધું છે તેમ છતાં સફળતા મળી નથી. મીશનથી કામ કરવામાં આવે છે. ભાવિ પેઢીમાં પરિણામ જોવા મળશે તેવી આશા રાખવામાં આવે છે.

જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે કોરોના સમયગાળામાં કહેવાતી દિવ્ય, ચમત્કારિક શકિતઓ ગાયબ થઈ ગઈ હતી તેમાંથી લોકોએ શીખ લેવાની જરૂર છે. કુદરતી એકાએક હોનારત, અકસ્માતો, બોમ્બ વિસ્ફોટ બનાવ વખતે આગાહીકારો, ભવિષ્યવેતાઓ, શકિતઓના દાવાઓ પોકળ સાબિત થાય છે. સમાજ દ્રોહીઓને ઓળખવાનો સમય આવી ગયો છે. દેશનમાં સનાતનના નામે સાચી હકિકત બોલનારને ધમકાવવા કે દબાવવામાં આવે છે જેની જાથા નિંદા કરે છે. પશુ–પક્ષીની બલી, ડામ આપવાની કુર પ્રથા જોવા મળે છે તેનાથી સૌ કોઈ દુઃખી છે. ગેરમાન્યતા, ગેરપરંપરાને તિલાંજલિ આપવી જોઈએ. વિજ્ઞાનથી માનવ જાત સુખી સંપન્ન થયો છે. ધાર્મિક ઉપદેશ આપનારા પ્રત્યેક–ક્ષણ મિનિટે વિજ્ઞાનનો ઉપયોગ કરી લોકોને ઉઠા ભણાવી ગેરમાર્ગે દોરે છે તેને બોધપાઠ આપવાનો સમય પાકી ગયો છે. લોકોએ સ્વયં જાગૃત થવું પડશે. ભારતમાં લાખો–કરોડો કથાઓ, કિર્તન, ઉપદેશો, યજ્ઞોમાં આહુતિ, આપવાથી નાગરિક પ્રમાણિક કે પુરૂષાર્થવાદી થયો નથી તે નજરે જોઈએ છીએ. અનુભવે અનુકરણ કરવું જોઈએ. જાથાનું અંગત મંતવ્ય છે માનવું કે ન માનવું તે લોકોએ નક્કી કરવું જોઈએ.

સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ દેગામીએ મુંજાવરની વેશભૂષામાં પ્રયોગ નિદર્શન કરી ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. ચમત્કારો પાછળના રહસ્યોની પોલખોલ કરી હતી. નાટક સ્વરૂપે આબેહુબ રજૂઆત કરી હતી. માનવતાના સિદ્ધાંતોની વાત કરી હતી. જાથાના સદસ્યા ભાનુબેન ગોહિલે માથા ઉપર સળગતી સગડી રાખી સ્મશાનમાં કરવામાં આવતી વિધિઓ બોગસ બેબુનિયાદ છે તે પ્રયોગ રજૂ કર્યો હતો. ડર–ભય બતાવી ક્રિયાકાંડો કરાવવામાં આવે છે.

કોલેજની છાત્રાઓએ દિશાસૂચક નાટક, શૌર્યના પ્રયોગ રજૂ કર્યા હતા. છાત્રાઓની હિંમત કાબીલેદાદ હતી.પ્રયોગમાં એકના ડબલ, અગ્નિનું આપોઆપ સળગવું, કંકુ પગલા થવા, શ્રીફળમાં ચોંટી જવું, કર્ણપિશાચ વિદ્યા, કાનેથી ચિઠ્ઠી વાચવી, ભુવાની સાંકળ મારવાની ડીંડકલીલા, હાથ–માથા ઉપર દીવા, બોલતું તાવિજ, મોંમા અંગારા ખાવા, હઝરતમાં જોવું, બેડી તુટવી, હાથમાં કંકુ–લોહી નીકળવું વિગેરે પ્રયોગ નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા.કોલેજની છાત્રાઓ, ગામના આગેવાનો યુવાનોની જહેમત રંગ લાવી હતી. જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, રવિ પરબતાણી, સિધ્ધાર્થ દેગામી સુરત, ભાનુબેન ગોહિલ પ્રયોગમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ વિરડીયા, ડૉ. પી. એમ. સખીયાએ કર્યું હતું.ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સોલંકી, પોલીસ કર્મીઓ હાજર રહી બંદોબસ્ત જાળવ્યો હતો. ઉત્તમ કામગીરી કરી હતી.રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# સાવરકુંડલા : વીર દાદા જસરાજ સેના દ્વારા માનવતા મહેંકી ઉઠી





સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા ઓળિયા વચ્ચે આવેલ સહયોગ હોટેલમાં કામ કરતા મનુભાઈ આહિરનું મૃત્યુ થતાં તેના પરિવારના બધા લોકો સુરત રહેતા હોય. મનુભાઈ એકલા હોટલમાં રહેતા હતા. તો તેના પરિવાર ધ્વારા હિતેશ સરૈયાને જાણ કરતા કે અમોને અહીંયા મનુભાઈને અગ્નિદાહ દેવાનો હોય. અમોને અહીંની કોઈ ખબરના હોય. તો અમોને મદદ કરો. તેથી વીરદાદા જસરાજ સેનાના કાર્યકર અનિલ પોપટાણી, નરેશ નિમાવત, જલો સવાણી ધ્વારા સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ રૂમ પરથી સીધો સ્મશાન રથને જસરાજ સેના ધ્વારા બધી વ્યવસ્થા કરીને અગ્નિદાહ આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પડેલ છે.

# અમરેલીમાં ઈસરો, ચિલ્ડ્રન યુનિવર્સિટી સંચાલિત 'સ્પેસ ઓન વ્હીલ્સ'ની પ્રદર્શન બસનું આગમન



અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓનાં વિદ્યાર્થીઓમાં સપનાઓની નવી ઉડાન ભરી શકે તેમજ વિજ્ઞાન અને અંતરિક્ષાની અદભુત દુનિયાને નજીકથી નિહાળી શકે અને અવકાશમાં ભારતની જે પ્રગતી થયેલ છે. તે અમરેલી બેઠા નિહાળી અને સમજી શકે તે માટે ઈસરોએ, વિજ્ઞાન ગુર્જરી, ચિલ્ડ્રન યુનિવસિટિ આયોજીત નગર પ્રાથમિક શિક્ષાણ સમિતિ અમરેલી સંચાલિત સ્પેસ ઓન વ્હીલ્સની પ્રદર્શન બસનું આયોજન થયું. ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનાં હસ્તે શુભારંભ કરાયો. જેમાં અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લા ખરીદ વેચાણનાં, જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઈ સંઘાણી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનાં પ્રમુખ પંકજભાઈ મહેતા, વિજ્ઞાન ગુર્જરીનાં પ્રોફેસર યતીનભાઈ તેરૈયા, ઈસરોનાં જગદેવભાઈ ઠાકોર, મંયતાબેન રામી, ભાવેશભાઈ સોલંકી, મહેશભાઈ દેસાઈ, જયસુખભાઈ વેગડા, ચિલ્ડ્રન યુનિવસિટિનાં હર્ષદભાઈ, અમરેલી ટીપીઈઓ શરદભાઈ શ્રિમાણી ઉપસ્થિત રહ્યા હતા અને નગર પ્રાથમિક શિક્ષાણ સમિતિ અમરેલીનાં ગણિત–વિજ્ઞાનનાં શિક્ષક વિજય મયાત્રા, નયના મહેતા, ધારા ગૌસ્વામી, જીનલ રૂપારેલ તમામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ હતું. જેમાં અમરેલી નગરનાં ૧૭૦૦ બાળકોએ આ પ્રદર્શનનો લાભ લઈ અને અવકાશમાં ભારતની હરણભાળનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું અને આ કાર્યક્રમને સફળ બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, રજની સોલંકી, સમિર પંડયા, પ્રકાશભાઈ, ભાવેશ વાળોદરા સહિત શાળાનાં આચાર્યઓ, શિક્ષકો તથા ઓફિસ સ્ટાફે જહેમત ઉઠાવી હતી. એમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં સંદિપ વામજાની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં રહેતા નિવૃત્ત શિક્ષક સાથે**

હિન્દી ભાષી મોબાઈલ નં. ૭૪૩૯૧૪૨૦૬૨ માંથી વાત કરનાર તથા મો.નં. ૯૩૪૧૨૩૫૦૦૩ના વોટ્સએપ એકાઉન્ટ ધારક આરોપીઓએ એકસંપ કરી ગુન્હાહિત કાવતરૂ રચી અમરેલી લાઠી રોડ ઉપર આવેલ મધુવન પાર્ક–૪ માં રહેતા રાજેશપ્રસાદ ઈન્દ્રવદન પંડીત નામનાં ૬૧ વર્ષિય નિવૃત શિક્ષકને આરોપીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી. નિવૃત શિક્ષકને વિશ્વાસમાં લઈ નિવૃત શિક્ષકને અલગ–અલગ રીતે વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત શિક્ષકની જાણ બહાર ગત તા. ૬ના રોજ બે અલગ–અલગ બેંક ખાતા અલગ–અલગ રકમના કુલ ૩ ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૧૫ લાખનાં વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગેની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અવસાન નોંધ

**બાબરા :** ગો.વા. લક્ષ્મીદાસ હંસરાજભાઈ પલાણના ધર્મપત્ની તેમજ હકાભાઈ, મુનભાઈ અને બાલાભાઈનાં માતૃશ્રી મંજુલાબેન લક્ષ્મીદાસ પલાણ (ઉ.વ. ૮૫) તા. ૮/૧/૨૬નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે.

સદગતનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા. ૧૦/૧/૨૬ને શનિવારનાં રોજ સાંજનાં ૪ થી ૫ લોહાણા મહાજનની વાડી બાબરા ખાતે રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૯ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૬૦૨ |
| ૨ | મગફળી | ૧૨૪૧ | ૧૩૫૧ |
| ૩ | મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૩૨૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૫૦ | ૧૩૫૫ |
| ૩ | શિંગ મોટી | ૯૫૦ | ૧૪૦૫ |
| ૪ | શિંગદાણા | ૧૨૩૫ | ૧૫૬૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૭૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૪૭૦૦ |
| ૮ | બાજરો | ૪૧૫ | ૪૧૫ |
| ૯ | જુવાર | ૫૨૫ | ૧૨૭૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૫૦ |
| ૧૨ | મગ | ૮૮૦ | ૧૦૮૦ |
| ૧૩ | અડદ | ૭૩૫ | ૧૨૮૫ |
| ૧૪ | ચણા | ૬૫૦ | ૧૧૦૫ |
| ૧૫ | સફેદ ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ૧૬ | છોલે ચણા | ૧૬૬૫ | ૧૮૦૦ |
| ૧૭ | ચોળી | ૫૨૦ | ૧૦૦૫ |
| ૧૮ | તુવેર | ૬૦૦ | ૧૩૯૦ |
| ૧૯ | કપાસ | ૧૦૧૫ | ૧૬૦૫ |
| ૨૦ | એરંડા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૨૧ | જીરૂ | ૩૭૨૫ | ૪૨૨૦ |
| ૨૨ | રાય | ૧૭૫૫ | ૧૮૨૦ |
| ૨૩ | ધાણા | ૧૫૧૫ | ૧૯૦૦ |
| ૨૪ | મેથી | ૭૫૫ | ૧૦૧૦ |
| ૨૫ | સોયાબીન | ૭૬૦ | ૯૭૫ |
| ૨૬ | મરચા લાંબા | ૭૨૦ | ૪૦૦૦ |
| ૨૭ | કાંગ | ૩૫૦ | ૫૩૫ |

# સાવરકુંડલાના યુવાન સિંધવ અર્પણની ઝળહળતી સિદ્ધિ

સાવરકુંડલા, તા. ૮

અમરેલી જિલ્લા સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન અમરેલી શહેરમાં કે. કે. પારેખ અને આર.પી મહેતા વિધાલય ખાતે થયું હતું. જેમાં ભજન સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાંથી ૧૫ થી ૨૯ વર્ષની વય જૂથમાં સાવરકુંડલાના યુવાન સિંધવ અર્પણએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી સમગ્ર તાલુકા તેમજ પરિવારનું નામ રોશન કરેલ છે. તે બદલ સમગ્ર શહેરમાંથી અર્પણભાઈને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે.



# સાવરકુંડલામાં આગ લાગતા ફાયર ફાઈટરે કાબુ મેળવ્યો



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેર વોર્ડ નં.૩ ઝીણા બાપાની દેરી પાસે રેલ્વે ક્રોસિંગ નગરપાલિકા દ્વારા જે કચરો નાખવામાં આવે છે ત્યાં અચાનક આગ લાગી. ખેડૂતે જાણ કરતા કમલેશભાઈ રાનેરા પિયુષભાઈ મશરૂ સ્થળ ઉપર દોડી આવ્યા. નગરપાલિકાની ફાયર બ્રિગેડનો જાણ કરતા જયરાજભાઈ ખુમાણ, રવિરભાઈ જેબલીયા, પ્રદીપભાઈ ખુમાણ, મયુરભાઈ મારૂ તરત જ આવીને આગ કાબુમાં લઈ મોટી જાનહાની ટળી. આજુ બાજુના ખેડૂત ખેતર કોઈ નુકસાન થયેલ નથી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૬૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૪૦૪૦ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૧૨૮ |
| ૬ | કપાસ | ૧૨૭૫ | ૧૫૭૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૩૦૦ | ૬૬૦ |
| ૧૧ | મગ | ૧૨૫૦ | – |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | ચણા | ૮૨૦ | ૧૦૦૦ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૫૦ | ૯૬૫ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી નજીક ડબલ સવારી બાઈક**

તેમના પત્ની અંજુમનબેનને બેસાડી આવતા હતા ત્યારે અમરેલીના દાદ ભગવાનના મંદિર પાસે પુલનું કામ ચાલું હોય ત્યાં આશિફભાઈનું ડબલ સવારી મોટર સાયકલ ડાયવર્ઝન તરફ વળેલ નહીઅને સીધુજ ઊંડા ખાડામાં પડી ગયેલ હતું. ત્યારે બીજા મોટર સાયકલ પર આવી રહેલ દિલાવરભાઈએ પોતાનું મોટર સાયકલ સાઈડમાં ઉભુ રાખી ત્યાં જોવા જતાં દિલાવરભાઈ દીકરી સળીયા પાસે પડી જતાં તેને બંને પગમાં ઈજા થયેલ હતી. આશિફભાઈ તથા તેના પત્ની નીચે ખાડામાં પડેલ હતા. જેથી ફાયરબ્રિગ્રેડને ફોન કરતા ફાયર બ્રિગ્રેડને ફોન કરતા ફાયર બ્રિગ્રેડની ટીમ આવી ગયેલ અને આસિફભાઈ તથા તેના પત્ની અંજુમનબેનને ખાડામાંથી બહાર કાઢેલ હતા. આ દરમિયાન આસિફભાઈને માથામાં ગંભીર ઈજા થયેલ હોય તેને પ્રાઈવેટ વાહનમાં અમરેલી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલ હતા જયાં આશીફભાઈનું મોત નિપજેલ હતું. દીકરી ખુશ્બુ તથા આસિફભાઈના પત્ની અંજુમનબેનને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૮૦ | ૧૩૫૦ |
| ૨ | ઘઉં | ૪૯૩ | ૪૯૩ |
| ૩ | ચણા | ૧૦૧૬ | ૧૦૧૬ |
| ૪ | અડદ | ૮૦૧ | ૧૧૭૦ |
| ૫ | ચોળી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૬ | દાણા | ૧૧૦૧ | ૧૪૫૫ |
| ૭ | ધાણા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૮ | મગ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૯૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૫ | ૧૬૧૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૩ | મગફળી | ૧૧૧૧ | ૧૩૬૯ |
| ૪ | તલ સફેદ | ૧૫૬૫ | ૧૯૯૫ |
| ૫ | તલ કાળા | ૩૪૭૦ | ૪૧૪૦ |
| ૬ | જીરૂ | ૩૩૩૦ | ૪૧૯૦ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૭૦ |
| ૮ | ચણા | ૯૩૫ | ૧૦૩૫ |
| ૯ | અડદ | ૮૯૦ | ૧૧૯૦ |
| ૧૦ | તુવેર | ૯૯૦ | ૧૨૩૦ |
| ૧૧ | સોયાબીન | ૭૯૫ | ૯૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૯૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૪ | ૫૧૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૮ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૨૫ |
| ૫ | ધાણા | ૧૫૫૦ | ૧૭૮૦ |
| ૬ | તલ કાળા | ૧૭૦૦ | ૩૧૪૫ |
| ૭ | સોયાબીન | ૬૮૦ | ૯૬૧ |
| ૮ | મગફળી | ૬૦૦ | ૧૨૪૫ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૯૦ | ૧૩૫૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | લસણ | ૫૦૦ | ૮૫૫ |
| ૧૩ | અડદ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | મેથી | ૩૨૫ | ૩૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાની ''લાઈફલાઈન'' સમાન બુધવારી**

અને કટલેરીનું વેચાણ કરવામાં આવતું હતું તેમજ લારીઓ પર છત્રીઓ બાંધી દેવાતા આખો પુલ બ્લોક થઈ જતો હતો. આ ગંભીર સમસ્યાને પગલે પાલિકા ચીફ ઓફિસર દ્વારા પોલીસ કાફલાને સાથે રાખી જેસીબીની મદદથી દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં લાતી કેબિન પાસેના ગેરકાયદે ઓટલાઓ પણ જમીનદોસ્ત કરી દેવાયા હતા.

આ તકે પાલિકા ચીફ ઓફિસર રવિભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, 'સ્થાનિક લોકો અને રાહદારીઓની રજૂઆતને ધ્યાને રાખીને અમે બુધવારી પુલ પરથી તમામ દબાણો દૂર કરી પુલ ખુલ્લો કર્યો છે. મેડિકલ ઈમરજન્સી અને ટ્રાફિકની સમસ્યા નિવારવા આ કડક કાર્યવાહી જરૂરી હતી. અમે તમામ ફેરિયાઓને અહીં ફરી ન બેસવા તાકીદ કરી છે. જોકે, ફેરિયાઓની આજીવિકાને ધ્યાને રાખીને પાલિકાના જુના પ્લાનિંગ મુજબ તેમને ટૂંક સમયમાં યોગ્ય વૈકલ્પિક જગ્યાએ ખસેડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.'

બીજી તરફ આ મામલે વેપારી સંગઠનનો સહયોગ દર્શાવતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુનાભાઈ મલકાણે જણાવ્યું હતું કે, બુધવારી પુલ પર ટ્રાફિકની સમસ્યા વ્યાજબી હતી, પરંતુ સાથે નાના ફેરિયાઓના ધંધા–રોજગાર પણ શરૂ રહે છે તે માટે નગરપાલિકા અને વેપારીઓના સંકલનથી બુધવારી પુલની બાજુમાં આવેલ અન્ય પૂલપર હાલ બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

નોંધનીય છે કે બુધવારી પુલ પર ભારે ટ્રાફિકના કારણે રહેણાંક વિસ્તારમાં અવારનવાર એમ્બ્યુલન્સ ફસાઈ જવાની ઘટનાઓ બનતી હતી. પાલિકાની આ ત્વરિત કાર્યવાહીને સમગ્ર બાબરા પંથકની જનતાએ આવકારી છે. હવે પછી જો કોઈ ફરીથી દબાણ કરશે તો તેમની સામે કાયદેસરના પગલાં લેવાની ચીમકી પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

સંકુલ B.Sc. - M.Sc. કોલેજ
માઈક્રોબાયોલોજી
બાયોટેક્નોલોજી
બાયોકેમેસ્ટ્રી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
-Ad 170

**શ્રી લુંધિયા ગ્રામ પંચાયત, તા. બગસરા, જી. અમરેલી**

## :: જાહેર હરરાજી ::

લુંધીયા ગ્રામ પંચાયતના ગ્રામ પંચાયત ઘર તેમજ તલાટી કવાર્ટર સહિતની જાહેર હરરાજી લુંધિયા ગ્રામ પંચાયતની બેઠકના ઠરાવ તેમજ તા.ક. કક્ષાએથી મળેલ અપસેટ પ્રાઈઝનાં પ્રમાણપત્રને આધિન નીચેની વિગતે રાખેલ છે.

**હરરાજી તારીખ : ૧૨/૦૧/૨૦૨૬, સોમવાર**
**હરરાજી સમય : સવારે ૧૧ : ૦૦ કલાકે**
**હરરાજી સ્થળ : ગ્રામ પંચાયત ઓફિસ લુંધિયા**

(૧) ગ્રામ પંચાયત ઘરનાં ઈમલાની અપસેટ કિંમત રૂા. ૨૦,૮૦૦/– તેમજ (૨) જુના પંચાયત કવાર્ટરની ઈમલાની અપસેટ કિંમત રૂા. ૯,૬૦૦/– રાખેલ છે.

હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટ પેટે રૂા. ૨૦૦૦/– ભરવાના રહેશે. ઉપરાંત હરરાજી સબંધીત તમામ શરતો સ્થળ પર બોલી સંભળાવવામાં આવશે, હરરાજી સબંધીત આખરી નિર્ણય અને બોલીઓ તેમજ શરતોમાં ફેરફાર કરવાની સત્તા સરપંચશ્રી લુંધિયા ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

| | |
|---|---|
| **તલાટી કમ મંત્રીશ્રી** | **સરપંચશ્રી** |
| **એન.આર. રાતડિયા** | **કિશોરભાઈ કાનપરીયા** |
| **લુંધિયા ગ્રામ પંચાયત** | **લુંધિયા ગ્રામ પંચાયત** |
| **તા. બગસરા** | **તા. બગસરા** |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૩૫ | ૧૩૦૨ |
| ૨ | તલ સફેદ | ૧૬૭૦ | ૨૧૫૧ |
| ૩ | તલ પીળા | ૨૦૮૫ | ૨૧૫૦ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૬૦૦ |
| ૫ | બાજરો | ૩૬૧ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૧ |
| ૭ | જુવાર | ૯૦૦ | ૧૦૭૧ |
| ૮ | મગ | ૮૦૦ | ૨૫૭૦ |
| ૯ | તુવેર | ૧૩૦૧ | ૧૪૦૦ |
| ૧૦ | જીરૂ | ૩૫૦૧ | ૩૫૦૧ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| ૧૨ | અજમા | ૧૫૦૧ | ૧૫૦૧ |




## લીલીયામોટા તરફ જતાં માર્ગનું નવિનીકરણ શરૂ હોય

# અમરેલી નજીક ડબલ સવારી બાઈક ખાડામાં પડતાં ચાલકનું મોત

**મોડી રાત્રિએ બે બાઈકમાં પાંચ વ્યક્તિઓ અમરેલી તરફ આવતા હતા**

**રાત્રિનાં સમયે એક બાઈક સવારનું ધ્યાન ડાયવર્ઝન તરફ ન જતાં નીચે પડયા**

**ગંભીર ઈજા થવાથી બાઈક સવારનું મોત થયું અને તેમની પત્નીને ગંભીર ઈજા પહોંચી**

**માર્ગ બનાવતી વખતે સુરક્ષાનો અભાવ હોવાથી અકસ્માત થયાની સંભાવના વ્યક્ત થઈ રહી છે**






અમરેલી, તા. ૮

અમરેલીનાં લીલીયા રોડ ઉપર આવેલ દાદા ભગવાનનાં મંદિર પાસે પુલનું કામ ચાલુ હોય ત્યાં ગઈકાલે મોડી રાત્રીનાં સમયે એક ડબલ સવારી મોટર સાયકલ આ પુલનાં ખાડામાં ખાબકતા મોટર સાયકલ ચાલકનું મોત નિપજેલ હતું. જયારે મોટર સાયકલ પાછળ બેઠેલા તેમના પત્નીને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ હતા.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલીના ડુબાણીયાપા વિસ્તારમાં આવેલ ઘાંચીવાડમાં રહેતા દિલાવરભાઈ સતારભાઈ સેલોત, તેમના પત્ની રેશમાબેન તથા તેમની દીકરી ખુશ્બુ તથા તેમના ભાઈ આશિફભાઈ તથા આશીફભાઈના પત્ની અંજુમનબેન ગઈકાલે રાત્રે અલગ અલગ બે મોટર સાયકલ લઈ અમરેલી લીલીયા રોડ ઉપર લાલાવદર પાસે ભાવરીયા પીરની દરગાહએ દર્શન કરવા ગયેલ હતા અને તા. ૮નાં આશરે સાડા બારેક વાગ્યે ઘરે પરત ફરતા હતા. આશિફભાઈએ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૧૪બીઈ–૦૧૩૦માં પાછળ

અનુસંધાન પાના ૬ ઉપર







### અલગ–અલગ એપ્લિકેશન વોટ્સએપ ફાઈલ મોકલી ડાઉનલોડ કરાવીને

# અમરેલીમાં રહેતા નિવૃત્ત શિક્ષક સાથે ૩ જેટલા ઈસમોએ રૂપિયા ૧૫ લાખની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો

**આરોપીએ એસબીઆઈનાં નિવૃત્ત કર્મચારીની ઓળખ આપી કામ પાર પાડયું**

અમરેલી, તા. ૮

અમરેલીમાં રહેતા એક વૃધ્ધ નિવૃત શિક્ષકને ત્રણ જેટલા અજાણ્યા ઈસમોએ પોતાની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી. વિશ્વાસમાં લઈ ભોળવી જઈ બેંકના નામની અલગ–અલગ એપ્લીકેશન વોટ્સએપમાં ફાઈલ મોકલી અને ડાઉનલોડ કરાવીને અલગ–અલગ રીતે વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત શિક્ષકની જાણ બહાર બે અલગ–અલગ બેંક ખાતા અલગ– અલગ રકમના કુલ ૩ ટ્રાન્જેકશન કરી રૂપિયા ૧૫ લાખની નિવૃત શિક્ષક સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગેની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ કસ્ટમર કેર ૯૦૭૮૧૬૪૬૧૦ નંબરનો ધારક આરોપી નં. (૧) મો.નં. ૯૦૭૮૧૬૪૬૧૦ તથા અજય નામનો

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)